# "ભૂતિયા વિદ્યાર્થી" એટલે સ્વાર્થી શિક્ષકોનું શરણ સ્થાન

સ્વાર્થી શિક્ષકો દ્વારા વગર વાંકે વિદ્યાર્થીઓને મળેલ ઉપનામ "ભૂતિયા વિદ્યાર્થીઓ." બિચારા વિદ્યાર્થીઓનો શું દોષ કે તેમને માંથે આ કલંક ચોંટાડવામાં આવ્યું છે? ખરેખર તો જો કોઇ વિશેષણ ચોંટાડવું જ હોય તો એ શિક્ષકોના માંથે, ખભે, કપાળે,પીઠે ચોંટાડવું જોઇએ. કે જેઓ પોતાના સ્વાર્થ ખાતર સમાજ અને સરકારને છેતરી રહ્યાં છે, અને બદનામી વિશેષણ મળે છે પેલા બિચારા ભૂલકાઓને કે જેઓને એ પણ ખ્યાલ નથી કે તેમને આ વિશેષણ ભોટ-સ્વાર્થી શિક્ષકો દ્વારા ચોંટાડવામાં આવ્યું છે.

ભૂતિયા વિદ્યાર્થી એટલે શાળામાં ચીટકી રહેવા માટે આચાર્ય અને શિક્ષક દ્વારા સંયુકતરીતે આચરવામાં આવતી હલકટ પ્રવૃત્તિ. ભૂતિયા વિદ્યાર્થીઓ એટલે સ્વાર્થી શિક્ષકો દ્વારા ભોળા વિદ્યાર્થીઓને દીધેલી ગાળ. શિક્ષક દ્વારા દેવામાં આવતી આ ગાળ કેવી રીતે ચલાવી લેવાય? માટે તો અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા અભિયાન હાથ ધરીને હજારો વિદ્યાર્થીઓના માંથે ચોંટાડેલ આ કલંકને ફેંકી દેવામાં આવ્યું. આ માટે સ્કૂલબોર્ડના ચેરમેન ભાઇશ્રી જયપ્રકાશ દેસાઇને સો સો સલામ. આ બદી માત્ર અમદાવાદ પૂરતી સિમિત નથી, આખા રાજ્યમાં ફેલાયેલી જ છે. ત્યારે સૂચન કરવાનું મન થાય કે, રાજ્ય સ્તરે પણ એક ઝૂંબેશ તાત્કાલિક હાથ ધરીને આ બદીને મૂળમાંથી દૂર કરવી જોઇએ, સાથે આ રોગ લઇને બેઠેલા શિક્ષકોને પણ ઘરભેગા કરવા જોઇએ કે જેથી તેનો ચેપ બીજા કોઇ શિક્ષકને લાગે નહીં. થોડા વર્ષ પૂર્વે પંચમાહાલની એક જ શાળામાંથી શાળાએ ન આવતાં હોય તેવા ૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓના નામ શોધી કાઢવામાં આવેલાં. ત્યારે પ્રશ્ન થાય કે, રાજ્યના તમામ કોર્પોરેશનો અને ગામડાંઓની શાળાઓમાં આ ઝૂબેશ હાથ ધરવામાં આવે તો કેટલા ખોટા નામ હાજરીપત્રકમાંથી મળે ? કેટલા શિક્ષકોને ઘર ભેગા કરવાના થાય? સરકારને કેટલા રૂપિયાનો ફાયદો થાય? તે રૂપિયામાંથી કેટલી શાળાઓને કેટલા શૈક્ષણિક સાધનોની સગવડ પૂરી પાડી શકાય? આ રોગમાં સામેલ થનારા કેટલા શિક્ષકો પોતાનો નિર્ણય મુલતવી રાખે?

આ પ્રશ્ન માત્ર પ્રાથમિકશાળામાંજ છે તેવું નથી, માધ્યમિકકક્ષાએ પણ છે જ. પ્રાથમિક શાળામાં શિક્ષકોને ફાજલ થવાનો ડર નથી, પણ બદલી થવાનો ડર છે. તટસ્થતાથી વિચારીએ તો કોર્પોરેશનની શાળામાં નોકરી કરતા શિક્ષકની બદલી થઇ થઇને ક્યાં થવાની હતી? એક વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાં. અમદાવાદ બહાર તો જવાનું નથીું જ. આમ છતાં આ સ્વાર્થી શિક્ષકો વિસ્તાર બદલવા તૈયાર નથી. તો વળી માધ્યમિક કક્ષાએ બદલીનો ડર નથી, પણ ફાજલ થવાનો ડર છે. આ પ્રવૃત્તિમાં શિક્ષકને બચાવવા જે તે શાળાના આચાર્ય પણ સંડોવાય છે. ખરેખર તો આચાર્યને તો કોઇ જ નુકશાન થવાનું નથી, છતાં તે આ બદીમાં સહભાગી થાય છે. હા તે જો આવું ન કરે તો તેને લાંચ રૂપે શિક્ષકો પાસેથી મળતા રૂપિયાનું નુકશાન અવશ્ય થાય. આમ આચાર્ય અને શિક્ષકો ખોટું કરીને, મૂલ્યો નેવે મૂકીને, જેનું ખાય છે તેને ખાડામાં ઉતારવા તૈયાર છે. નોકરી કરવી છે, પણ મૂલ્યો નેવે મૂકીને. પગાર લેવો છે પણ, આરામ કરીને. આ શિક્ષકો ફરજ બજાવવા નહીં, પણ સમાજ અને સરકારને લૂટવા માટે જ આવતાં હોય

છે. જે શિક્ષકોને કાયદાનો ડર નથી, તેને કાદવનો ડર ક્યાંથી હોય? માટે તો આવા શિક્ષકોને ઘરભેગા કરી, તયેલું નુકશાન પણ વસૂલ કરવું જોઇએ.

આજનો સમાજ શિક્ષકો પાસે જ્ઞાનની સાથે મૂલ્યોની પણ અપેક્ષા રાખે છે. ત્યારે મૂલ્યોને માત્ર આદર્શની વાતો સમજીને પોતાના ઘેર નેવે મૂકીને આવનાર આ શિક્ષકો વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કયાંથી કરવાના હતા? **જે નોકરીના સ્થંળ માટે વિસ્તાર બદલવા તૈયાર નથી તે પોતાની માનસિકતા ક્યાંથી બદલી શકવાના છે? જે કર્મે સ્વાર્થી છે, તેની પાસે નૈતિકતાની મૂડી કયાંથી હોય?** જે પોતે જ સંસ્કારી નથી તેની પાસેથી સંસ્કારની અપેક્ષા કેટલી ફળીભૂત થશે? જેની પાસે જ શિસ્ત નથી, તે શિષ્યને શીખ ક્યાંથી આપી શકવાનો છે?

આ બદી ફેલાવવામાં બહું જ થોડા અંશે સરકારી અધિકારીઓ પણ જવાબદાર છે. શાળાની અવાર નવાર મુલાકાત લેતા આ અધિકારી ઓ શું એ નહીં જાણતા હોય કે, કઇ શાળામાં ખરેખર કેટલા વિદ્યાર્થીઓ નિયમિત આવે છે અને હાજરીપત્રકમાં કેટલા નોંધાયેલા છે? ક્યારેક સરકારના પરિપત્રો કે નીતિ પણ આ અધિકારીઓને આવી પ્રવૃત્તિ બંધ કરવા માટે આંખ આડા કાન કરવાની પ્રેરણા આપે છે. શાળામાં સંખ્યા વધારવા માટે, સાક્ષરતા દર ઊચો લઇ જવા માટે જ્યારે સમાજ અને સરકાર દ્વારા વધુ પ્રમાણમાં દબાણ આવે છે ત્યારે અધિકારીઓ અને શિક્ષકો નક્કી કરેલા આંકડાકીય લક્ષ્યાંકને હાંસલ કરવા આ બદીનો સહારો લેતા હોય છે.

ખરેખર તો આવી વિચારસરણી ધરાવતા કે તે માર્ગે આગળ વધતા શિક્ષકોએ જાગ્યા ત્યાંથી સવાર માનીને માનસિકતા બદલીને સાચા કર્મીષ્ઠ શિક્ષક બની જવું જોઇએ. હા....તેમને પડનારી મુશ્કેલીને દૂર ભગાડવા માટે સ્વાથી કે અનૈતિકતાનો સહારો ન લેતાં પોતાના વર્ગને સ્વર્ગ બનાવવામાં લાગી જવું જોઇએ. શાળા અને વર્ગમાં એવી પ્રવૃત્તિઓ કરો અને કરાવો જેથી વિદ્યાર્થીઓ સામા પગલે દોડીને શાળામાં આવે. ગીજુકાકા અને ન્હાનાલાલને વાંચો. તેઓએ શાળામાં વિદ્યાર્થીઓને લાવવા કે ટકાવવા કેવી યુક્તિ પ્રયુકિત કરી હતી તે જાણો અને તેને આધારે તમારી પ્રવૃત્તિઓ નક્કી કરો. **બાળકોને શાળામાં ગમતું કરશો તો તે રમતું આવશે. ખરેખર તો શાળાનું વાતાવરણ જ એવું હોવું જોઇએ કે બાળકને શિક્ષા કરવી હોય તો બે દિવસ શાળામાં નહીં આવવાનું જણાવો.**

સરકાર અને વહીવટી પાંખે પણ વાસ્તવિકતાનો સ્વીકાર કરીને યોગ્ય લક્ષ્યાંક નક્કી કરવા જોઇએ. આ માટે સંખ્યા વધારવાની સાથે ગુણવત્તા જોખમાય નહીં તેનું પણ ધ્યાન રાખવું જોઇએ. કેટલાક પ્રશ્નો કાયદાથી તો કેટલાક પ્રશ્નો નિષ્ઠાથી ઉકેલી શકાય છે. આ માટે શિક્ષકોમાં સાચી નિષ્ઠા ઊભી કરવી જરૂરી છે.

તો આવો સૌ સાથે મળીને ભોળા વિદ્યાર્થીઓને ચોંટાડેલ “ભૂતિયા વિદ્યાર્થી“ નું કલંક દૂર કરીએ.